**"Donate Life"**
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૨૫/૦૮/૨૦૧૭

તંત્રી શ્રી, ____________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**હળપતિ સમાજના બ્રેનડેડ ગજરાબેન ભાણાભાઈ હળપતિના પરિવારે**
**કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની આપી**
**માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**

નામ: ગજરાબેન ભાણાભાઈ હળપતિ ઉ. વ.૫૫ બ્લડ ગ્રુપ: B +ve
રહેવાશી: ગામ: ઈટાળવા, ડોઝી ફળિયા, જી: નવસારી
કૌટુંબિક વિગત: પતિ: ભાણાભાઈ નાગરભાઈ હળપતિ ઉ. વ. ૬૦
નિવૃત્ત જીવન
પુત્ર: સંજય ભાણાભાઈ હળપતિ ઉ.વ. ૩૭
ખેતમજૂર
પુત્રીઓ: ૧. રમીલાબેન બળવંતભાઈ હળપતિ ઉ. વ. ૪૨
૨. સુશીલાબેન બીપીનભાઈ હળપતિ ઉ.વ. ૪૦

૨...

Nilesh Mandlewala | President | +91 98256 09922
Sandeep Kumar, IRS | Vice President | +91 81307 81031
Rakesh Jain | Hon. Secretary | +91 98241 10349
Ramesh Malpani | Hon. Treasurer | +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate LiFe"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7552 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



બનાવની વિગત:

રવિવાર, તા: ૨૦ ઓગસ્ટ ૨૦૧૭ ના રોજ ગજરાબેન સવારે ૧૧:૦૦ કલાકે બાથરૂમ ગયા હતા ત્યારે તેમને ઉલ્ટી થતાં તેઓ બેભાન થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક નવસારીમાં સિવિલ હોસ્પીટલમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પીટલમાં સાંજે ૪:૦૦ કલાકે સર્જરી વિભાગના હેડ ઓફ યુનિટ ડો. દિવ્યાંગ દવેની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા. તેમના CT સ્કેનના રીપોર્ટમાં મગજની નસો ફાટી ગઈ હોવાનું નિદાન થયું હતું.

ગુરુવાર, તા: ૨૪ ઓગસ્ટના રોજ ન્યુરોફીજીશ્યન ડો. પરેશ ઝાંઝમેરા અને ન્યુરોસર્જન ડો. મેહુલ મોદીએ ગજરાબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી ગજરાબેનના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ગજરાબેનના પુત્ર સંજય, જમાઈ બળવંતભાઈ અને બીપીનભાઈ, દિયર મોહનભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ છે. તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન નવી સિવિલ હોસ્પીટલના ડોકટરોએ સ્વીકાર્યું.
દાનમાં મેળવવામાં આવેલી એક કિડની રાયપુર છત્તીસગઢના રહેવાસી છોટુ ગોવિંદ પટેલ ઉ.વ. ૩૩માં અને બીજી કિડની થાણે, મહારાષ્ટ્રની રહેવાસી રેખા લાલચંદભાઈ ગુપ્તા ઉ. વ. ૩૮માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લિવર અમદાવાદના રહેવાસી મોનીકા અનિલભાઈ શીવલાની ઉ. વ. ૩૯માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લિવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં ગજરાબેનના પુત્ર સંજય, જમાઈ બળવંતભાઈ અને બીપીનભાઈ, દિયર મોહનભાઈ, ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી, સર્જરી વિભાગના હેડ ઓફ યુનિટ ડૉ. દિવ્યાંગ દવે, સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડીયા, સર્જિકલ ICUના રેસીડેન્ટ ડૉ. મિલન પૂંભળીયા, ડૉ. નેહલ શાહ, સુરત નવી સિવિલ હોસ્પીટલનો સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી, અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૨૧ કિડની, ૮૮ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૪ હૃદય અને ૧૮૬ ચક્ષુઓનો દાન મેળવીને ૫૧૨ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મેળવી છે.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961